અપીલ અરજી નં.૧૩૫/૦૮–૦૯ તા. ૨૨–૮–૦૮

અરજદારઃ શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા ની તા.૧૬–૭–૦૮ ની અરજીથી મોજે ભેસ્તાન, રેવન્યુ સર્વે નં.૧૬૦ ,૧૭૮ વાળી મિલકતમાં આજ દિન સુધી તબકકાવાર તેમજ અલગ અલગ મંજુર થયેલ પ્લાનની રજાચીઠ્ઠી, ઠરાવ મંજુરીની વિગત તેમજ મંજુર પ્લાનોની પ્રમાણિત નકલ વિગેરે શહેર વિકાસ મુદ્દા નં.૧ થી ૮તથા મોજે ભેસ્તાન, રેવન્યુ સર્વે નંબર ૧૬૦,૧૭૮ ની કઈ સાલમાં આકારણી કરવામાં આવી વિગેરે આકારણી વિભાગની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૫/૨૦૦૮–૦૯

શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા ની તા.૧૬–૭–૦૮ ની અરજીથી મોજે ભેસ્તાન, રેવન્યુ સર્વે નં.૧૬૦ ,૧૭૮ વાળી મિલકતમાં આજ દિન સુધી તબકકાવાર તેમજ અલગ અલગ મંજુર થયેલ પ્લાનની રજાચીઠ્ઠી, ઠરાવ મંજુરીની વિગત તેમજ મંજુર પ્લાનોની પ્રમાણિત નકલ વિગેરે શહેર વિકાસ મુદ્દા નં.૧ થી ૮તથા મોજે ભેસ્તાન, રેવન્યુ સર્વે નંબર ૧૬૦,૧૭૮ ની કઈ સાલમાં આકારણી કરવામાં આવી વિગેરે આકારણી વિભાગની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.૩૯૦૫ તા.૧૨–૮–૦૮ થી આપેલ માહિતી માંગ્યા પ્રમાણેની પુરી પાડવામાં આવી નથી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૭ તા.૨૮–૮–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/અકણ/૭૪૧ તા.૯–૯–૦૮ થી તથા પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૪૨૪૫ તા.૨૬–૮–૦૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતીના રવાનગી પત્રની નકલ મળેલ.

અરજદારને માંગેલ માહિતીના આકારણી સબંધિત સા.ઝોન/અકણ/૬૯૮ તા.૧–૯–૦૮ થી પૂરી પાડવામાં આવેલ છે. જયારે શહેરી વિકસને લગતાં મુદ્દા નં.૧ થી ૮ પૈકી મુદ્દા નં.૬ અંગે અરજી સા.ઝોન/ટેક./આ.નં.૩૪૭૦ તા.૩૦–૭–૦૮ થી PRO જિલ્લા કલેકટરશ્રીને તબદીલ કરેલ. જે સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પાઠવેલ પત્રમાં સદર જમીન યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા બાબતનો મનાઈ હુકમના અનુસંધાનમાં કરેલ કાર્યવાહીની વિગતો કલેકટર કચેરી પાસે હોઈ શકે છે તેથી તેઓને તબદીલ કરેલ તથા મુદ્દા નં.૭ અને ૮ અંગે મિલ્કતમાં વસવાટની પરવાનગી આપવામાં આવેલ નથી જેથી વસવાટની પ્રમાણિત નકલો આપવાનો પ્રશ્ન રહેતો નથી જયારે અન્ય માંગેલ માહિતી અને દસ્તાવેજો મંજુર પ્લાનની નકલો તેમજ મુદ્દા નં.૫ અંગે ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલ કાર્યવાહીની નકલો અરજદારે રસીદ નં.૨૦૧૫૨૯ તા.૨૧–૮–૦૮ ના રોજ મેળવવા પૈસા ભર્યાની પહોંચ રજુ કરતાં જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૬–૮–૦૮ ના રોજ માહિતી પૂરી પાડયાની વિગત રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૭–૦૮ અરજી સાથે સામેલ બિડાણમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર અન્ય સત્તા મંડળ હેઠળના પ્રશ્ન અંગે સક્ષમ સત્તા મંડળ પાસે માહિતી મેળવવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેરઅને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા,